પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧૯ | ૧૯ ઓક્ટોબર, ૨૦૨૨, બુધવાર; આસો વદ - ૯ | પાનાં - ૧૦ કિંમત રૂ. ૩.૦૦

# આજથી મોદી બે દિવસ ગુજરાતની મુલાકાતે

## વડાપ્રધાનના હસ્તે અંદાજે રૂ. ૧૫,૬૭૦ કરોડના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરાશે : બે દિવસમાં ગાંધીનગર, જૂનાગઢ, રાજકોટ, કેવડિયા અને વ્યારા ખાતે આયોજીત વિવિધ કાર્યક્રમોમાં વડાપ્રધાન હાજરી આપશે

રાજકોટ, તા.૧૮

દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ માટે ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે ત્યારે આ બે દિવસમાં ગાંધીનગર, જૂનાગઢ, રાજકોટ, કેવડિયા અને વ્યારા ખાતે આયોજીત વિવિધ કાર્યક્રમોમાં વડાપ્રધાન હાજરી આપશે. જેમાં વડાપ્રધાનના હસ્તે અંદાજે રૂ. ૧૫,૬૭૦ કરોડના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવશે તેમ પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ છે.મંત્રીએ વડાપ્રધાનના સુચિત કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યુ કે, તા.૧૯ મી ઑક્ટોબરે સવારે ૯:૪૫ કલાકે વડાપ્રધાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ડિફેન્સ એક્સપો-૨૦૨૨નું ઉદ્‌ઘાટન કરશે. ત્યાર બાદ બપોરે ૧૨ કલાકે અડાલજ ખાતે મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સનું લોકાર્પણ કરશે. બપોરે ૩:૧૫ કલાકે જૂનાગઢમાં વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે. તેમજ રાજકોટમાં સાંજે ૬ કલાકે ઈન્ડિયા અર્બન હાઉસિંગ કોક્લેવ-૨૦૨૨નું ઉદઘાટન કરશે અને રાજકોટમાં બહુવિધ ચાવીરૂપ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. સાંજે ૭:૨૦ કલાકે રાજકોટમાં નવીન બાંધકામ પદ્ધતિઓના પ્રદર્શનનું પણ ઉદ્‌ઘાટન કરશે.

વડાપ્રધાનના તા.૨૦મી ઑક્ટોબરના સુચિત કાર્યક્રમની વિગત આપતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યુ કે, સવારે ૯:૪૫ કલાકે કેવડિયા ખાતે વડાપ્રધાન દ્વારા મિશન લાઈફનું લોકાર્પણ કરવામાં આવશે અને બપોરે ૧૨ કલાકે વડાપ્રધાન કેવડિયામાં ૧૦મી હેડ ઓફ મિશન કોન્ફરન્સમાં ભાગ લેશે. ત્યાર બાદ બપોરે ૩:૪૫ કલાકે વ્યારા ખાતે વિવિધ વિકાસલક્ષી પહેલનો શિલાન્યાસ કરશે. એટલુ જ નહિ, વડાપ્રધાન મિસિંગ લિંક્સના નિર્માણની સાથે કોસ્ટલ હાઈવેના સુધારણા માટે શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં ૧૩ જિલ્લાઓમાં કુલ ૨૭૦ કિમીથી વધુના હાઈવેને આવરી લેવામાં આવશે.

## ઘઉં સહિતના રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કરાયો

### ખેડૂતોને દિવાળી સમયે કેન્દ્ર સરકારની બીજી મોટી ભેટ : ઘઉંના એમએસપીમાં ૧૧૦, જવમાં ૧૦૦, ચણામાં ૧૦૫ રૂપિયાનો વધારો

નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્ર સરકારે ખેડૂતોને દિવાળી પૂર્વે બીજી ગિફ્ટ આપી છે. સોમવારે કરોડો ખેડૂતોને કિસાન સન્માન નિધિનો હપ્તો આપ્યા બાદ આજે મંગળવારે કેન્દ્રીય કેબિનેટે રવિ પાકની એમએસપી વધારવાનો નિર્ણય લીધો છે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક બાદ પ્રેસ બ્રીફિંગ કહ્યું કે કેબિનેટે ઘઉંના એમએસપીમાં ૧૧૦ રૂપિયા, જવમાં ૧૦૦ રૂપિયા, ચણામાં ૧૦૫ રૂપિયા, મસૂરની દાળમાં ૫૦૦ રૂપિયા, સરસવમાં ૪૦૦ રૂપિયા અને કુસુમમાં ૨૦૯ રૂપિયાનો વધારો કર્યો છે. આ વધારા બાદ હવે ઘઉંની એમએસપી ૨૧૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ, જવની એમએસપી ૧૭૩૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ, ચણાની એમએસપી ૫૩૩૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ, મસૂર રૂ. ૬૦૦૦ પ્રતિ ક્વિન્ટલ, સરસવ રૂ. ૫૪૫૦ અને કુસુમનો એમએસપી ભાવ વધીને રૂ. ૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલ થયો છે.

કેબિનેટે મંગળવારે માર્કેટિંગ સત્ર ૨૦૨૩-૨૪ માટે તમામ રવિ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કરવાની મંજૂરી આપી હતી. કેબિનેટે મસૂર દાળના એમએસપીમાં મહત્તમ વધારો કર્યો છે. મસૂરની એમએસપી ૫૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ વધારીને ૬૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે.

આ પહેલા સોમવારે સરકારે ખેડૂતોને દિવાળીની મોટી ભેટ આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે પીએમ કિસાન યોજનાનો ૧૨મો હપ્તો જાહેર

● અનુસંધાન પાન-૮

## બીસીસીઆઈના અધ્યક્ષપદે રોજર બિન્નીની વરણી કરાઈ




નવી દિલ્હી, તા.૧૮

ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર રોજર બિન્ની સૌરવ ગાંગુલીના સ્થાને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. બીસીસીઆઈની વાર્ષિક સામાન્ય સભામાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ની વાર્ષિક સામાન્ય સભા આજે મુંબઈની તાજ હોટલમાં યોજાઈ હતી જેમાં બીસીસીઆઈ સેક્રેટરી જય શાહ, હાલના પૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલી, ઉપાધ્યક્ષ રાજીવ શુક્લા હાજર રહ્યાં હતા.

● અનુસંધાન પાન-૮

## કેદારનાથમાં હેલિકોપ્ટર ક્રેશ થતાં પાયલટ સહિત સાતનાં મોત

### ઉત્તરાખંડમાં મોટી દુર્ઘટના સર્જાઈ : ઘટના બાદ હેલિકોપ્ટરના અનેક ટુકડા થઈ ગયા

કેદારનાથ, તા.૧૮

ઉત્તરાખંડમાં મંગળવારે એક મોટી દુર્ઘટના ઘટી છે. કેદારનાથમાં હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયુ છે. આ દુર્ઘટનામાં પાયલટ સહિત ૭ લોકોના મોત થઈ ગયા છે. આ દુર્ઘટના કેદારનાથથી ૨ કિલોમીટર દૂર ગરુડચટ્ટીમાં સર્જાઈ હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ હોલિકોપ્ટર એક આર્યન કંપનીનું હતું. ખરાબ હવામાન હોલિકોપ્ટર ક્રેશ થઈ ગયું હતું. આ હેલિકોપ્ટરે ગુપ્તકાશીથી કેદારનાથ માટે ઉડાન ભરી હતી. જ્યારે આ હેલિકોપ્ટર કેદાર ઘાટી તરફ આગળ વધ્યું ત્યારે ગરુડચટ્ટીમાં ક્રેશ થઈ ગયું હતું. આ હેલિકોપ્ટરમાં ૬ લોકો સવાર હતા. કેદારનાથ ધામમાં ધુમ્મસના કારણે લોકોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘટના બાદ હેલિકોપ્ટરના અનેક ટુકડા થઈ ગયા



હતા. ઘટના સ્થળ પર રાહત અને બચાવ કાર્ય ચાલું છે.

મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ કેદારનાથ મંદિરમાં દર્શન કરવા માટે જતા હોય છે. મોટાભાગના લોકો પગપાળા કેદારનાથ મંદિર પહોંચે છે અને કેટલાક લોકો આ માટે હેલિકોપ્ટરની મદદ પણ લે છે. આજે કેદારનાથ મંદિરે જઈ રહેલા ભક્તોનું હેલિકોપ્ટર ક્રેશ થયું છે.

## મોંઘીવારી પર કાબૂ લેવામાં નિષ્ફળ બ્રિટનના વડાપ્રધાન ટ્રુસ સત્તા ગુમાવે એવા સંકેત

લંડન, તા.૧૮

૬ સપ્ટેમ્બરના રોજ લિઝ ટ્રૂસ બ્રિટનના નવા વડાંપ્રધાન બન્યા. તેમને સત્તા સંભાળ્યાને માત્ર ૪૨ દિવસ થયા છે. આ સમય દરમિયાન બ્રિટિશની રાજનીતિમાં એટલું બધું બન્યું છે કે તેમને હટાવવાની અટકળો શરૂ થઈ ગઈ છે. આ બધાની વચ્ચે નવા વડાપ્રધાનને લઈને જે નામની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે તે છે ઋષિ સુનક. ભારતીય મૂળના સુનક સાંસદોના અગાઉ વોટિંગમાં ટ્રૂસ કરતા આગળ હતા. પ્રચાર દરમિયાન, ટ્રૂસની આર્થિક નીતિઓ જેના વિશે ઋષિ સુનક

**૪૦ દિવસના શાસન કાળમાં ટ્રુસે આપેલા વચનો પોકળ સાબિત થતાં ઋષિ સુનકના વડાપ્રધાન બનવાના ઉજળા સંજોગ**

ચેતવણી આપતા હતા. આ સમગ્ર મામલે સુનકે અત્યાર સુધી મૌન સેવ્યું હતું.

વડા પ્રધાન પદ માટેના તેમના પ્રચાર દરમિયાન લિઝ ટ્રૂસ એ અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે જે વચનો આપ્યા હતા તે હવે તેમના ગળાનો ફાંસો બની ગયી છે. ટ્રૂસ સરકાર મોંઘવારીને કાબૂમાં લેવામાં અત્યાર સુધી નિષ્ફળ રહી છે.

બ્રિટનના નાણામંત્રી કાસી કાર્ટેંગ ૧૪ ઓક્ટોબરે વડા પ્રધાન લિઝ ટ્રૂસ દ્વારા બરખાસ્ત કર્યા. કાર્ટેંગ માત્ર ૩૮ દિવસ સુધી આ પદ પર રહ્યા. બ્રિટનમાં નાણાપ્રધાન માટે આ બીજી સૌથી ટૂંકી મુદત હતી. ઈયાન મૈકલિયોડનો કાર્યકાળ તેમના કરતા ઓછો રહ્યો છે. નાણામંત્રી બન્યાના ૩૦ દિવસ બાદ મેકલિયોડનું ૧૯૭૦માં અવસાન થયું.

## મહારાષ્ટ્રમાં ભાજપનો ૩૯૭ ગ્રામ પંચાયતો પર વિજયનો દાવો

મુંબઈ, તા.૧૮

ભારતીય જનતા પાર્ટીએ સોમવારે મહારાષ્ટ્રમાં ગ્રામ પંચાયત ચૂંટણીમાં સૌથી વધુ ૩૯૭ બેઠકો પર જીતનો દાવો કર્યો છે. ૧,૦૭૯ ગ્રામ પંચાયતો માટે રવિવારે યોજાયેલી ચૂંટણીના પરિણામો સોમવારે જાહેર કરવામાં આવ્યા હતા. બીજેપીના રાજ્ય એકમે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું કે, ભાજપ ૩૯૭ સીટો જીતીને ગ્રામ પંચાયત ચૂંટણીમાં નંબર વન પાર્ટી બની ગઈ છે.

**પાવન સ્મરણ**



**વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા**

મહાપ્રયાણ - આસો વદ-૯ વિ. સં. - ૨૦૫૮

તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચ-મદ્રોહો નાતિમાનિતા ।
ભવન્તિ સંપદં દૈવી - મભિજાતસ્ય ભારત ॥

- શ્રીમદ ભાગવદ ગીતા (૧૬-૩)

તેજ, ક્ષમા, ધૈર્ય, પવિત્રતા, અદ્રોહ અને અભિમાનનો અભાવ,
હે પાર્થ ! આ બધાં દૈવી સંપત્તિને પ્રાપ્ત થયેલા પુરુષોનાં લક્ષણો છે.

॥ શ્રીમદ ભાગવદ ગીતા (૧૬-૩)

**પૂજ્ય બાપુજી,**
**આપની વીસમી પુણ્યતિથિએ**
**શત્ શત્ વંદન...**

કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના
જાગૃતિ - બિપીનચંદ્ર ● ચારૂ - દર્શનકુમાર
પ્રાર્થના - અનિષ ● ચિન્મય - વૈભવી ● લજ્જા - વત્સલ
વિધિ - યશ ● કૃપાંશી - હિતાર્થ
શુભાંગ ● યશસ્વી

**બેસણું**



અમારા પૂજ્ય માતૃશ્રી
**કમળાબેન રણછોડભાઈ પટેલ**
(મુ.કોલવડા, તા.જી.ગાંધીનગર)
તા.૧૬/૧૦/૨૦૨૨ને રવિવારના રોજ
દેવલોક પામ્યાં છે.
સદ્‌ગતનું બેસણું તા.૨૦/૧૦/૨૦૨૨ને
ગુરૂવાર ના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે
નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળઃ- ઉમિયા માતા મંદિર હોલ, સે-૧૨, ગાંધીનગર.**

**અશોકકુમાર રણછોડભાઈ પટેલ**
(પૂર્વ.ધારાસભ્ય, ગાંધીનગર ઉ.) મો.૯૮૨૫૦૧૩૭૨૭

અરવિંદભાઈ રણછોડભાઈ પટેલ
આકાશ અરવિંદભાઈ પટેલ
રાજ અરવિંદભાઈ પટેલ
ઈન્દીરાબેન જસવંતકુમાર પટેલ (લક્ષ્મીપુરા)
ભાવેશભાઈ આત્મારામ પટેલ
પ્રાન્સી, પરિશ્રી, આયોગી ,નિશ, આર્યા

હરેશભાઈ આત્મારામ પટેલ
રાકેશભાઈ આત્મારામ પટેલ
પાયલબેન પાર્થકુમાર પટેલ (યુ.એસ.એ.)
બિજલબેન અશોકકુમાર પટેલ (યુ.એસ.એ.)
કામીનીબેન હાર્દિકકુમાર પટેલ (સુરજ ગેસ એજન્સી)
વિશ્વેષ અશોકકુમાર પટેલ (શુગુન ગ્રુપ)

**અમારા બેનનું બેસણું ઉપરના સ્થળે અને સમયે રાખેલ છે (ધાનોટવાળા)**

અમૃતભાઈ શિવાદાસ પટેલ
(પૂર્વ સરપંચશ્રી, ધાનોટ)
ભીખાભાઈ શિવદાસ પટેલ
(સીટી સ્કવેર મોલ)

દિનેશભાઈ શિવદાસ પટેલ
(પૂર્વ મેયર ગાંધીનગર, પરિવાર)
ધવલભાઈ વિષ્ણુભાઈ પટેલ